**વડીલોને વંદન**

**અભિનંદન**



મંગળદાસ મોહનલાલ પારેખ
(૧૯૩૫) ૨૩૨૨૭૮૮૦

# કોંગ્રેસ મુક્ત ભારત નિર્માણ : નરેન્દ્ર મોદી

પણજી,તા. ૯

૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માટે ગોવામાં ભાજપના પ્રચાર સમિતિના અધ્યક્ષ પદે નિમણૂંક પામેલા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કરતા જણાવ્યું હતુ કે દેશની યુપીએ સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ છે તે પછી રોજગારી હોય, સુરક્ષા હોય કે અર્થતંત્ર. દેશને હવે કોંગ્રેસથી મુક્ત કરવાનો સમય આવી ગયો છે.

**રાજનીતિ એ દેશની સેવા કરવાનું એક માધ્યમ છે: મોદી**

કોઈ પણ તંત્ર ભરોસા પર ચાલે છે. જ્યારે આ સરકાર પર કોઈ પણ પ્રકારનો ભરોસો જ રહ્યો નથી. દેશમાં નક્સલવાદને ખતમ કરવા માટે સરકાર પાસે કોઈ જ વિકલ્પ નથી. હાલની સ્થિતિ જોતા દેશમાં અનેક પ્રકારના ભ્રષ્ટાચારો પ્રકાશમાં આવ્યા છે. યુપીએ સરકારનું સમગ્ર તંત્ર ભ્રષ્ટાચારમાં ડૂબેલું છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે મને જે જવાબદારી સોંપવામાં આવી છે તે પૂરી કરવામાં કોઈ કસર નહીં છોડુ.

રાજનીતિ એ દેશની સેવા કરવાનું એક માધ્યમ છે. આ દેશમાં દિલ્હીમાં બેઠેલી કેન્દ્ર સરકારના નેતાઓ પર ભ્રષ્ટાચારના ઘણા આક્ષેપો લાગ્યા છે. પરંતુ હજુ સુધી ભાજપના એક પણ મુખ્યમંત્રી પર ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હોવાનું જાણવા મળ્યુ નથી.

તેમણે યુવા પેઢીને સંબોધતા જણાવ્યુ હતુ કે દેશમાં ૬૫ ટકા વસ્તી યુવાઓની છે. આ યુવાઓની કેન્દ્રની યુપીએ સરકારે ઉપેક્ષા કરી છે જેના પગલે યુવાઓમાં ભારે આક્રોશનું મોજુ ફરી વળ્યુ છે જે દેશ માટે ગંભીર પરિણામ લાવી શકે છે. કેન્દ્રની સરકારને યુવા પેઢી બોજ સમાન લાગે છે. આ સરકાર યુવાઓને રોજગારી આપી રહી નથી. દેશમાં એનડીએ શાસીત રાજ્યોમાં રોજગારીની ૮૦ ટકા તકો પૂરી પાડી હોવાનો નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો. તેમણે વધુમા જણાવ્યું હતુ કે કેન્દ્રની યુપીએ સરકારના શાસનથી સમગ્ર દેશમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ છે. કેન્દ્ર સરકારે એક પણ કામ સુનિયોજિતરીતે પૂર્ણ કર્યુ નથી. દેશની જનતા કોંગ્રેસ મુક્ત થવા ઈચ્છે છે. તેમણે પોતાના અંગે પક્ષના ફાળા વિશે કહ્યુ હતુ કે રાજનાથસિંહે મને સન્માન આપ્યુ છે તેનાથી મને અને ભાજપના લાખો કાર્યકરોને દિવસરાત દોડવાની તાકાત મળી રહે છે. હું પણ ભાજપના કાર્યકરોનો જ



એક ભાગ છું. હું આજે જે પણ છું તે ભાજપના સંખ્યાબંધ સિનિયર નેતાઓના કારણે જ છું. તેમની આંગળી પકડીને હું ચાલ્યો છું. તેમણે કદાચ પોતાના બાળકોના ઘડતરમાં જેટલો ફાળો આપ્યો હશે તેનાથી વિશેષ ફાળો મારા ઘડતરમાં ફાળવ્યો છે. આજે તેમણે કરેલા યોગદાન બદલ હું અહીંયા છું. મારી જે કાંઈ પણ ક્ષમતા છે તેના પર પહેલો અધિકાર મારો નહીં પરંતુ પાર્ટીના લાખો કાર્યકર્તાઓ અને દેશના નાગરિકોને જવાબદાર છે. તેમણે વધુમાં જણાવ્યં હતુ કે ભાજપના લાખો કાર્યકર્તાઓ ભાજપની સૌથી મોટી મૂડી છે. આ કાર્યકરોએ પણ પક્ષ માટે દિવસરાત એક કર્યા છે. સાથે જ તેમણે પોતાના અધ્યક્ષપદ માટે ગોવાને તેમના માટે નસીબદાર સાબિત થયુ હોવાનું જણાવ્યું હતુ.

## અડવાણીએ મને આશીર્વાદ આપ્યા છે : મુખ્યમંત્રી મોદી

### એલ કે અડવાણીના આશીર્વાદ મેળવી નરેન્દ્ર મોદી ધન્ય બન્યા : અડવાણીએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી

પણજી,તા. ૯

ભાજપની ગોવા ખાતેની રાષ્ટ્રીય કારોબારીમાં પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નરેન્દ્ર મોદીને નિયુક્ત કરાયા બાદ તેમણે સૌ પ્રથમ પોતાના ગુરુ એવા એલકે અડવાણીના આશિર્વાદ લીધા હતા અને આ વાત ખુદ નરેન્દ્ર મોદીએ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર દ્વારા જણાવી હતી. તેમણે ખુશી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે વરિષ્ઠ નેતાઓને મારા પર સંપૂર્ણ વિશ્વાસ છે. આ ઉચ્ચ હોદ્દા બદલ તમામ નેતાઓના સમર્થન અને આશીર્વાદ માટે આભાર વ્યક્ત કરુ છું. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે અડવાણી સાથે ફોન પર વાતચીત થઈ અને તેમણે આશીર્વાદ આપ્યા છે. તેમના આશીર્વાદ મેળવીને હું ધન્ય બની ગયો છું. મારી આ સફળતા હું અડવાણીનો ખુબ ખુબ આભારી છું. અત્રે એ ઉલ્લેખનીય છે કે મોદીએ ભલે અડવાણીના આશીર્વાદ આપ્યો હોવાનો દાવો કર્યો હતો પરંતુ દિલ્હી સ્થિત પોતાના નિવાસસ્થાને બેઠેલા ભાજપના વરિષ્ઠનેતા એલકે અડવાણીએ મોદીના પ્રચાર સમિતિના અધ્યક્ષ બનવા અંગે કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા આપી નથી. મોદીને ગોવા ખાતે રાષ્ટ્રીય કારોબારીમાં પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાયા બાદ પક્ષના કાર્યકર્તાઓએ જોરદાર ઉજવણી કરી હતી. પરંતુ પક્ષના વરિષ્ઠનેતા લાલ કૃષ્ણ અડવાણી ખરાબ તબિયતના કારણે ગોવાની રાષ્ટ્રીય કારોબારીમાં ભાગ લઈ શક્યા ન હતા. તેમની ગેરહાજરીમાં આ મહત્વનો નિર્ણય લેવાયો હતો. મોદીને પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવ્યા બાદ પક્ષના અનેક વરિષ્ઠ નેતાઓએ ખુશી વ્યક્ત કરતા કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી એક કુશળ સંચાલક છે. હાલમાં જ ગુજરાતની ચૂંટણીમાં મેળવેલ ભવ્ય વિજય અને ગુજરાતમાં હેટ્રિક મેળવ્યા બાદ મોદીની કુશળ કાર્યક્ષમતા લોકોને બતાવી દીધી છે. તેઓ કેટલા લોકપ્રિય નેતા છે તે પણ પુરવાર થઈ ચુક્યુ છે. તેવી જ રીતે તેમણે ચૂંટણી પ્રચાર સમિતિનું અધ્યક્ષ પદ સોંપવામાં આવ્યુ છે અને તેઓ આમાં ચોક્કસ સફળ થશે. તેમનું કુશળ નેતૃત્વ ભાજપને લાભદાયી નીવડશે. મોદી પર લેવાયેલો આ નિર્ણય સમયની માંગને અનુસાર લેવાયેલો છે જે સશક્ત નેતૃત્વ પુરુ પાડવામાં સફળ રહેશે તેવું પણ જણાવવામાં આવ્યુ હતુ.

## આજે રાજકોટમાં જીપીપી દ્વારા રસ્તા રોકો આંદોલન

અમદાવાદ, તા.૯

સૌરાષ્ટ્ર-કચ્છમાં દુષ્કાળની કારમી સ્થિતિમાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. તાજેતરમાં પાકવિમો ન મળવાને કારણે જામનગર જીલ્લાના કલ્યાણપુર તાલુકામાં ધરતીપુત્રએ કરેલ આત્મહત્યાથી સમગ્ર ખેડૂત આલમ હચમચી ઊઠી છે. જ્યારે બીજી તરફ ભાજપ સરકાર કૃષિરથના કરોડો રૂપિયા ખર્ચીને મહોત્સવ મનાવી રહી છે. આટલી રકમ પણ જો ખેડૂતોને આપી હોત તો મોતને વ્હાલું ન કરવું પડત. ભાજપ સરકારના મુખ્યમંત્રીને સપ્ટેમ્બર મહિનામાં જ ખ્યાલ આવી ગયો હતો કે દુષ્કાળ પડી ચુક્યો છે. ખેડૂતોએ પ્રિમયમ ભરેલ હોવા છતાં સરકારે હજી પાકવિમો ચૂકવ્યો નથી, જેના કારણે વાવણીનો સમય આવવા છતાં ખેડૂતો ખાતર બિયારણ ખરીદી શકતા નથી અને વ્યાજખોરોના શિકાર બની ઉંચા વ્યાજે નાણાં લેવા મજબૂર બન્યા છે. પાકવિમો મેળવવો એ સરકારની દયા કે દાન નથી ખેડૂતોનો હક છે. આ લડત લડવા માટે ગુજરાત પરિવર્તન પાર્ટીએ પાકવિમો મેળવવા સરકારને વારંવાર રજુઆતો કરી છે. પરંતુ આ નિષ્ઠુર સરકારના પેટનું પાણી હાલતું નથી. આથી ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશના આગેવાનો પ્રદેશ મહામંત્રી ગોરધનભાઈ ઝડફિયાની આગેવાનીમાં ખેડૂતો સાથે રહીને ૧૦ જૂન, ૨૦૧૩ના રોજ રાજકોટ ખાતે રસ્તા રોકીને ચક્કાજામ કરવાનો નિર્ણય કર્યો છે. ઝડફિયાએ વધુમાં જણાવ્યું હતું કે આવતીકાલે ૧૦ જૂનના રોજ રાજકોટ ખાતે ખેડૂતોની શક્તિનો પરિચય આપવા રાજકોટમાં એક જગ્યાએ ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરો અને ખેડૂત મિત્રો એકઠા થઈને આશ્ચર્યજનક ચક્કાજામ કરીને સરકારને પાકવિમો ચુકવવા ફરજ પાડશે.

## વલસાડ-સુરતમાં વરસાદ ઉમરગામમમાં ૮૫ મીમી પડ્યો

### ૬ કલાક સુધી ગુજરાતમાં એકાદ-બે સ્થળોએ વરસાદના ભારેથી અતિ ભારે ઝાપટા પડશે

અમદાવાદ, તા.૯

રાજ્યમાં આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડ્યો હતો. ખાસ કરીને વલસાડ અને સુરતમાં વરસાદ પડતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. વલસાડ જિલ્લાના ઉંમરગામમમાં ૮૫ મીમી, ધરમપુરમાં ૨૨ મીમી, વલસાડ શહેરમાં ૨૭ મીમી અને પારડીમાં સામાન્ય વરસાદ પડ્યો હતો. જ્યારે સુરતમાં આજે એક ઈંચ વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને રાંદેર, ઉધના અને વરાછા વિસ્તારમાં ભારે વરસાદ પડતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં ગરમી અને ઉકળાટ ચાલુ રહેતા નાગરીકો ત્રાહીમામ પોકારી ગયા હતા.

હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૩૬ કલાક સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, દીવ, દમણ, દાદરા-નગર-હવેલી, ઉત્તર ગુજરાત અને કચ્છમાં એકાદ-બે સ્થળોએ વરસાદના ભારેથી અતિ ભારે ઝાપટા પડી શકે છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે. રાજ્યમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડશે. જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છના એકાદ-બે સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે.

## મોદી સમગ્ર દેશમાં ૧૦૦ દિવસની યાત્રા હાથ ધરશે

### અમિતશાહને યાત્રા અંગેની તમામ જવાબદારી સોંપાઈ ૧૦૦ દિવસની આ યાત્રા રૂટ અંગે ટૂંક સમયમાં નિર્ણય

અમદાવાદ,તા. ૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર સમિતિના વડા બનાવ્યા બાદ મોદી દેશભરમાં પ્રચાર કરવાની તૈયારી કરી ચુક્યા છે. આના માટે મોદીએ ૧૦૦ દિવસની દેશવ્યાપી યાત્રા હાથ ધરવાની જાહેરાત કરી છે. રસપ્રદ બાબત એ છે કે ચૂંટણી પ્રચાર સમિતિના ચેરમેન તરીકે મોદીની જાહેરાત કરવામાં આવે તે પહેલા મોદીને આત્મવિશ્વાસ હતો કે તેઓ જ ચૂંટણી પ્રચાર સમિતિના વડા બનશે જેથી ૧૦૦ દિવસ યાત્રા નિર્ણય પહેલાથી જ કરી દેવામાં આવ્યો હતો. ભાજપના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી અમિતશાહે આ અંગે જાહેરાત કરતા જણાવ્યું હતુ કે તેઓ ચૂંટણી પ્રચાર વડા બનશે તેવી તેમને પહેલેથી આશા હતી. હવે મોદીની સ્થિતિને વધુ મજબુત કરવા એક ટીમ તૈયાર કરી લેવામાં આવી છે જેની મુખ્ય જવાબદારી અમિતશાહ, શંકર ચૌધરી, પુરષોત્તમ રુપાલા, નીતિન પટેલ, આરસી ફળદુને સોંપાશે. આ તમામ લોકો મોદીની યાત્રામાં મજબુતરીતે ભાગ લેશે અને ૨૦૧૪ની સંસદીય ચૂંટણીમાં બીજેપીના ચહેરા તરીકે મોદીને રજુ કરવા તમામ પ્રયાસ કરાશે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે ભારતભરમાં આ યાત્રા માટેનું આયોજન કરવા માટેની તમામ જવાબદારી અમિતશાહને સોંપવામાં આવી છે. જ્યારે ભાજપ નેતા જ્યંતિ બારોટ પ્રાથમિક આયોજન તૈયાર કરશે. ગુજરાતમાં યાત્રારૂટની વિગતો અને કાર્યક્રમો ટૂંક સમયમાં જ નક્કી કરવામાં આવશે. બારોટને વિશેષ પ્રકારના રથ તૈયાર કરવાની જવાબદારી સોંપાઈ ગઈ છે. આ રથમાં મોદી યાત્રા હાથ ધરશે. આ રથમાં આધુનિક સુવિધાઓ હશે. મુખ્યમંત્રીની સુરક્ષાને પણ ધ્યાનમાં રાખવામાં આવશે. એક અંગ્રેજી અખબારમાં આ અંગેના એહવાલ પ્રકાશિત કરાયા બાદ ભાજપમાં ઉત્સુકતા વધી ગઈ છે.

### વટામણ-તારાપુર હાઇવે પર ફતેપુરા પાટિયા પાસે

## કાર-ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત : પાંચનાં મોત

### સુરત ખાતે દીકરીનું સગપણ નક્કી કરી અમરેલી પરત ફરી રહેલા પરિવારને અકસ્માત નડ્યો

આણંદ,તા.૯

વટામણ-તારાપુર હાઈવે પર કાર-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં પાંચ વ્યક્તિઓનાં મોત નિપજ્યાં હતાં. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે તાત્કાલીક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ટ્રક ડ્રાઈવરો સામેથી આવતી વેગેનઆર કારને અડફેટે લીધી હતી. પોલીસે ફરાર ટ્રક ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે અમરેલીનાં કોટડિયા પરિવાર રવિવારે વહેલી સવારે સુરતથી અમરેલી તરફ વેગનઆર કારમાં જઈ રહ્યો હતો. તે દરમિયાનમાં વટામણ-તારાપુર હાઈવે પર ફતેહપુરા પાટીયા પાસે સામેથી આવતા સિમેન્ટ ભરેલા ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કારમાં બેઠેલા પાંચ વ્યક્તિઓનાં મોત નિપજ્યા હતા. ટ્રકનો ડ્રાઈવર ટ્રક મુકી નાસી છૂટ્યો હતો.

અકસ્માત થતાં જ લોકોનાં ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માત એટલો ગંભરી હતો કે વેગનઆર કારનો ભુક્કો બોલી ગયો હતો. કારને બે ટ્રેલરોની મદદથી કાપની લાશોને બહાર કાઢવામાં આવી હતી. ઘટનાની જાણ પોલીસને કરાતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ લાશોને પીએમ અર્થે હોસ્પિટલ મોકલી આપી હતી. પોલીસે તપાસમાં કાર કોઈ વાહનનો ઓવર ટેક કરવા જઈ રહી હતી ત્યારે સામેથી આવતાં ટ્રકે તેને ટક્કર મારી હતી. સત્રોનાં જણાવ્યા મુજબ કોટડિયા પરિવાર સુરત ખાતે તેમની મોટી પુત્રી પ્રભુતાનું સંગપણ નક્કી કરવા ગયા હતા. અમે અમરેલી પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ઘટના સ્થળે ઉભેલા લોકોમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. પોલીસે ફરાર ટ્રક ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગુજરાતના મુખ્યમંત્રીની ગોવામાં ભાજપના ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ પદે વરણી કરાયા બાદ અમદાવાદ સ્થિત આવેલા ભાજપ કાર્યાલય પર કાર્યકર્તાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

## જીઆઈપીસીએલના ૬૦૦ મેગાવોટ પ્લાન્ટનાં વિસ્તૃતિકરણનો વિરોધ

### ડુંગરી ગામના ગ્રામજનોએ કરેલો વિરોધ : સરપંચ સહિત પંચાયત સદસ્યો બેઠકમાં હાજર ન રહેતા ભભુકેલો રોષ

સુરત,તા.૯

સુરત જીલ્લાનાં માંગરોળ તાલુકાનાં નાની નરોલી ગામે જીઆઈપીસીએલ નામની કંપની કાર્યરત છે. આ કંપની દ્વારા આગામી સમયમાં વધુ ૬૦૦ મેગાવોટના લિગ્નાઇટ આધારિત પ્લાન્ટનું વિસ્તૃતીકરણ કરવામાં આવનાર છે. જેની કામગીરી શરૂ કરવામાં આવી રહી હોય ડુંગરી ગામના ગ્રામજનો દ્વારા ગ્રામજનો દ્વારા વિરોધ દર્શાવાતા કંપની અને ગ્રામજનો વચ્ચેનો સંઘર્ષ ચરમ સીમાએ પહોંચ્યો છે.

નાની નરોલી સ્થિત જીઆઈપીસીએલ કંપની દ્વારા આગદામી સમયમાં વધુ ૬૦૦ મેગાવોટ લિગ્નાઈટ આધારિત પ્લાન્ટનાં વિસ્તૃતીકરણ કરવાની હિલચાલ પર ડુંગરી ગામના ગ્રામજનો લાલચોળ બન્યા છે. ગ્રામજનોએ વિરોધ વ્યક્ત કરી અમારે આ પ્લાન્ટની કોઈ જ જરૂરત નથી, જેથી આ પ્લાન્ટનું વિસ્તૃતિકરણની કામગીરી સતારે બંધ કરવા વિરોધ નોંધાવ્યો છે. આ સંદર્ભે ચર્ચા કરવા આજે સવારે ૧૦.૦૦ વાગ્યાની આસપાસ ડુંગરી ટાંકી ફળીયામાં કોમ્યુનિટી હોલ સામે એકત્રિત થયા હતા. જો કે આ બેઠકમાં સરપંચ સહિત પંચાયતના સદસ્યો ઉપસ્થિત ન રહેતા ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાવા સાથે કંપની અને પંચાયત સરપંચ તેમજ સદસ્યોની ભાઈ-ભાઈની છુપી ભુમિકાની ચર્ચા ઉઠવા પામી છે. બેઠકને સંબોધન કરતાં બાબુભાઈ ગામીતે જણાવ્યું કે ગ્રામજનો અને કંપની વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે અને કંપનીના વિસ્તૃતીકરણ થનારા પ્લાન્ટનું કામ સતારે બંધ કરે. ગામના વણઉકેલ્યા એવા રોજગારી અસરગ્રસ્તોને કાયમી નોકરી, ૨૪ કલાક વિનામુલ્યે વિજળી, વિના મુલ્યે પીવાનું પાણી કંપનીએ ગામના પાણીના નિકાલ માટેની ગટર બંધ કરી છે તે ચાલુ કરવી.

## સુરતના હનીપાર્ક માર્ગ પર મહિલાના ગળામાંથી સોનાની ચેઈનની તફડંચી

સુરત,તા.૯

સુરતના અડાજણ હનીપાર્ક રોડ પર પતિ સાથે પગપાળા શાકભાજી ખરીદવા નીકળેલી મહીલાના ગળામાંથી મોટરસાયકલ પર આવેલા બે બદમાશો ચાર તોલા વજનની સોનાની રૂપિયા ૩૨,૦૦૦ની કિંમતની સોનાની ચેઈન આંચકી નાસી છુટ્યાનો બનાવ અડાજણ પોલીસ મથકમાં નોંધાયો છે.

અડાજણ પોલીસ મથકના ઈન્સ. રમેશચંદ્ર એસ. પટેલે જણાવ્યું કે હનીપાર્ક રોડ, રિયલ કેદારભવન એપાર્ટમેન્ટ, બી-૩૦૨માં રહેતા રાધાબેન અને બાલાસુબ્રમણયમ કૃષ્ણમુર્તિ બ્રાહ્મણ ગતરોજ નમતી પહોરે ૭.૦૦ વાગ્યાના સુમારે શાકભાજી માર્કેટમાં ખરીદી કરવા સુબ્રમણયમ સાથે પગપાળા શાકભાજી માર્કેટમાં ખરીદી કરવા પગપાળા નિકળ્યા હતા.

બાલાજી હાર્ડવેર સામે શાશ્વત કોમ્પલેક્ષના બંધ ગેટ પાસેથી પસાર થતા હતા તે સમયે એક મોટર સાયકલ પર આવેલા બે બદમાશો પૈકી પાછળ સવાર ગ્રે કલરનું ટી શર્ટ પહેરેલા જાડા જેવા બદમાશે રાધાબેનનાં ગળામાં પહેરેલા સોનાની ચેઈન પેન્ડલ સાથેની ૪૦ ગ્રામ વજનની કિંમત રૂપિયા ૩૨,૦૦૦ની મત્તાની આંચકી લઈ તેજ રફતાર બાઈક હંકારી નાસી છૂટ્યા હતા. આ બનાવ અંગે અડાજણ પોલીસ મથકમાં ચેઈન સ્નેચીંગની ફરીયાદ નોંધાવતા ગુનો દાખલ કરી વધુ તપાસ પીઆઈ આર.એસ. પટેલ પોતાની પાસે રાખી છે.

### એક્ઝામનું વધતું મહત્વ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું હોય ત્યાં એન્ટ્રન્સ એક્ઝામની તૈયારી માટે વિદ્યાર્થીઓએ આખો દિવસ ક્લાસ ભરવા પડે છે. ધો. ૧૨ના ટ્યુશન પાછળ જેટલો ખર્ચ થાય છે તેટલો જ ખર્ચ પ્રવેશ પરીક્ષાની તૈયારી પાછળ થાય છે. પ્રવેશ પરીક્ષાની ઝંઝટના કારણે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને તો વેકેશન માણવા મળતુ જ નથી. ઘણા વિદ્યાર્થીઓ સારા કોચીંગ માટે છેક અમદાવાદ-વડોદરા સુધી અપડાઉન પણ કરે છે. ધો. ૧૨ની પરીક્ષાનું જેટલું ટેન્શન હોય છે તેટલુ જ ટેન્શન હવે આ એન્ટ્રન્સ એક્ઝામનું થઈ ગયું છે.

### ભાડા વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડશે. ગત વર્ષે ૩૦૦થી ૮૦૦ રૂપિયા વાહન ચાલકો વસુલતા હતા. વિવિધ શાળાઓના વાહન ચાલકોનો અલગ અલગ ભાવ છે તેમજ વિદ્યાર્થીને શાળામાં લઈ જતાં અને મૂકી જતાં વાહનચાલકો શાળાથી ઘરના અંતર પ્રમાણે ભાડુ વસુલે છે તેજ પ્રમાણે અંતર મુજબ આ ભાવ વધારો લાગુ કરાયો છે. વિદ્યાર્થીઓના હાઈટેક શિક્ષણના સ્પર્ધાત્મક યુગમાં વાલીઓને આવા અનેક કમ્મરતોડ ભાવ વધારા સહન કરવા પડે છે.

ગાંધીનગરમાં આંતરિક વાહન વ્યવહારની સગવડ સાવ ઓછી છે. પરિણામે વાલીઓને ના છુટકે વધુ ભાવ આપી સ્કુલવર્ધીના વાહનોમાં પોતાના બાળકોને મોકલવા પડે છે. ગાંધીનગરમાં ઘરથી શાળાનું અંતર વધુ હોય તેવા વાલીઓ અને બાળકને સ્કુલે લેવા મુકવા જવાની સગવડ ન હોય તેવા વાલીઓ સ્કુલ વર્ધીના વાહનો પર પસંદગી ઉતારે છે. વળી છેલ્લા કેલાક વર્ષોથી શરૂ થયેલી ડે સ્કુલ શહેરથી દૂર હોવાથી વાલીઓ માટે સ્કુલ વર્ધીના વાહનો જ એક માત્ર વિકલ્પ બની રહ્યા છે. સીએનજીના સતત વધી રહેલા ભાવોના દબાણ હેઠળ સ્કુલ વર્ધીના વાહનચાલકોને ભાડામાં વધારો કરવાની ફરજ પડી છે.

## શબ્દાવલી - ૫૦૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| | ■ | ■ | | ■ | | ■ | |
| ૧૦ | ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ૧૪ | ■ |
| ■ | ૧૫ | | | ■ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ | | |
| | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ■ |

### આડી ચાવી

૧. તળાવ (૪)
૫. વખાર, ગોડાઉન (૩)
૮. સુગંધ, ફુલની મહેંક (૪)
૯. હાથનાં મૂળમાં ખભાની નીચેનો ભાગ, ... થેલો (૩)
૧૦. અસ્પષ્ટ, અનિશ્ચિત (૩)
૧૩. 'ગેરત' શબ્દ આડો અવળો (૩)
૧૫. પ્રીઝર્વેટીવ, અથાણા જેવી વસ્તુને લાંબો સમય સાચવવા તેમાં નખાય (૩)
૧૬. સારૂં સાંભળતા, કાન... છે (૩)
૧૮. ફિકર, ચિંતા (કાળજી) (૩)
૨૦. પપ્પાની બેન (૨)
૨૧. ટાલીયો (૨)
૨૨. ઝપાટાભેર, રોફથી (૫)
૨૪. મોજ, આનંદ (૨)
૨૫. ઘણું, ખુબ (૨)

### ઊભી ચાવી

૧. શુભ પર્વતો, માંગલિક, ... દહાડો (૪)
૨. રૂંવાડા (૨)
૩. ઘણાને નિવેદ... પ્રમાણે થતા હોય છે. (૨)
૪. જાપ કરવા, ... કરવું (૩)
૫. છાણ-માટીથી ચાલતો ગેસ (૫)
૬. ડાઘો, ધબ્બો (૨)
૭. ગડ-ગુમડ પર ચોપડાતી દવા (૩)
૧૧. લીસોટો, અછડતુ વાગે તે (૪)
૧૨. આંબાનો મ્હોર (૩)
૧૪. તરફડવું તે (૫)
૧૭. દિવાની દિવેટ (૩)

### શબ્દાવલી ૫૦૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) શપથ (૩) બગાવત (૫) યમ (૬) અલી (૭) નરાધમ (૯) ચનય (૧૦) ટસર (૧૧) પોપ (૧૩) અચરજ (૧૪) ગોરસ (૧૫) પસ્તી (૧૬) તુકારો (૨૦) રૂણ (૨૧) રફ (૨૨) આગ

**ઊભી ચાવી :-** (૧) શયન (૨) પમરાટ (૩) બલી (૪) વતનપરસ્તી (૬) અમર (૮) ધસમસતુ (૯) ચપોચપ (૧૨) આગોતરૂ (૧૭) કાર (૧૮) રોફ (૧૯) દાગ